સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 03** (16/01/22 to 22/01/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઈતિહાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**16 JAN-2022**

- India State of Forest Report - 2021 ........ 03
- કેવડિયા રેલવે સ્ટેશનનું નવું નામ એકતા નગર રાખવામાં આવ્યું ........ 06
- QUESTION ANSWERS ........ 07

**17 JAN-2022**

- પ્રસિધ્ધ કથક નૃત્યકાર પંડિત બિરજુ મહારાજનું 83 વર્ષની વયે નિધન ........ 08
- ભારત- રશિયા : PASSEX અભ્યાસ ........ 09
- ઈન્ડિયા ઓપન- 2022 (બેડમિન્ટન) ........ 10
- QUESTION ANSWERS ........ 11

**18 JAN-2022**

- ભારતમાં વેચાતી તમામ કાર માટે એરબેગ ફરજિયાત ........ 12
- ઈ-ગવર્નન્સ માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત ........ 12
- નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ 2021 ........ 13
- QUESTION ANSWERS ........ 15

**19 JAN-2022**

- ઈન્ડોનેશિયા દ્વારા તેની રાજધાનીનું સ્થળાંતર ........ 16
- દાવોસ સમિટ : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ........ 16
- 2021 છઠ્ઠુ સૌથી ગરમ વર્ષ ........ 17
- QUESTION ANSWERS ........ 18

**20 JAN-2022**

- Best FIFA Football Awards ........ 19
- COVID-19 રસી પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી ........ 20
- પેંચ ટાઈગર રિઝર્વમાં 'કોલરવાલી' વાઘણનું મૃત્યુ ........ 20
- QUESTION ANSWERS ........ 21

**21 JAN-2022**

- સુશ્રી પ્રાજક્તા કોલી ભારતના પ્રથમ 'UNDP યુથ ક્લાઈમેન્ટ ચેમ્પિયન' બન્યા ........ 22
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 71% રેટિંગ સાથે વિશ્વના સૌથી લોકપ્રીય નેતાઓની યાદીમાં ટોચ પર ........ 22
- ભારત-ચીન વેપાર : 2021 ........ 23
- QUESTION ANSWERS ........ 25

**22 JAN-2022**

- અમર જવાન જ્યોતને 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક'માં મર્જ કરવામાં આવ્યું ........ 26
- મોરેશિયસમાં મુખ્ય મેટ્રો સ્ટેશનોમાંથી એકનું નામ 'મહાત્મા ગાંધીજી'ના નામ પરથી રાખવામાં આવશે ........ 28
- QUESTION ANSWERS ........ 29

**ONE LINER** ........ 30

**QUESTION OF THIS WEEK** ........ 35

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## India State of Forest Report - 2021

તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે નવી દિલ્હી ખાતેથી **'India State of Forest Report - 2021'** પ્રસિદ્ધ કર્યો છે.

- ભારતમાં વન ક્ષેત્રની સ્થિતિ અંગે માહિતી આપવા માટે ભારતીય વન સર્વે **(Forest Survey of India)** દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
- નોંધનીય છે કે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય **(MoEFCC)** દ્વારા ઓક્ટોબર, **2021**માં **'ફોરેસ્ટ (સંરક્ષણ) અધિનિયમ, 1980'**માં સુધારાની દરખાસ્ત કરવામાં આવી હતી જેથી વન શાસનમાં મહત્વપૂર્ણ પરિવર્તન થાય.
- આ રિપોર્ટ અનુસાર ભારતનો કુલ વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર **80.9** મિલિયન હેક્ટર છે.
- જે ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના **24.62** ટકા છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ **2019**ની તુલનાએ વર્ષ **2021**માં ભારતમાં ભારતના વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં **2,261** ચોરસ કિલોમીટરનો વધારો થયો છે.
- જેમાંથી ભારતમાં વન આચ્છાદિત વિસ્તારમાં **1540** ચોરસ કિલોમીટર અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં **721** ચોરસ કિલોમીટરનો વધારો થયો છે.
- ભારતમાં સઘન વન ક્ષેત્રની વૃદ્ધિની બાબતમાં એટલે કે વન વિસ્તારમાં વધારો દર્શાવતા રાજ્યોમાં આંધ્રપ્રદેશ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ તેલંગાણા બીજા અને ઓડિશા ત્રીજા ક્રમે છે.

**વનવિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા રાજ્યો**

| ક્રમ | રાજ્ય | વૃધ્ધિ (ચોરસ કિલોમીટરમાં) |
|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | 647 |
| 2 | તેલંગાણા | 632 |
| 3 | ઓડિશા | 537 |

જ્યારે સૌથી વધુ વન વિસ્તાર **(Forest Cover)** ધરાવતા ભારતના રાજ્યોમાં મધ્યપ્રદેશ પ્રથમ ક્રમે છે.

- એટલે કે આ રિપોર્ટ અનુસાર ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર મધ્યપ્રદેશમાં છે. (ક્ષેત્રફળની દષ્ટિએ)
- ત્યારબાદ અરૂણાચલ પ્રદેશ બીજા અને છત્તીસગઢ ત્રીજા ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો (ક્ષેત્રફળની દષ્ટિએ)

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | મધ્યપ્રદેશ |
| 2 | અરૂણાચલ પ્રદેશ |
| 3 | છત્તીસગઢ |

જ્યારે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના (ટકાવારીની દષ્ટિએ) સંદર્ભમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા ભારતના રાજ્યોમાં મિઝોરમ પ્રથમ ક્રમે છે.

- મિઝોરમ બાદ અરૂણાચલ પ્રદેશ બીજા અને મેઘાલય ત્રીજા ક્રમે છે.

## ભારતમાં કુલ ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં (ટકાવારીની દષ્ટિએ) સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો

| ક્રમ | રાજ્ય | ટકાવારી |
|---|---|---|
| 1 | મિઝોરમ | 84.53% |
| 2 | અરૂણાચલ પ્રદેશ | 79.33% |
| 3 | મેઘાલય | 76% |

ICE INSTITUTE FOR COMPETITIVE ®

### 33%થી વધુ વન વિસ્તાર

આ રિપોર્ટ અનુસાર 17 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ભૌગોલિક વિસ્તારનો 33%થી વધુ ભાગ જંગલોથી ઘેરાયેલો છે.

- આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી લક્ષદ્વીપ, મિઝોરમ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, અરૂણાચલ પ્રદેશ અને મેઘાલય એમ પાંચ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશમાં 75 ટકાથી વધુ વન આવરણ છે.
- જ્યારે 12 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો એટલે કે મણિપુર, નાગાલેન્ડ, ત્રિપુરા, ગોવા, કેરળ, સિક્કિમ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, દાદરા અને નગર હવેલી અને દિવ અને દમણ, આસામ અને ઓડિશામાં જંગલ વિસ્તાર 33 ટકાથી 75%ની વચ્ચે છે.

## ભારતમાં મેન્ગ્રુવ વન

આ રિપોર્ટ અનુસાર વર્ષ **2021**માં ભારતમાં મેન્ગ્રૂવનો કુલ વિસ્તાર **4992** ચોરસ કિલોમીટર છે.

- વર્ષ **2019**ની તુલનાએ વર્ષ **2021**માં ભારતમાં મેન્ગ્રૂવના વિસ્તારમાં **17 ચોરસ કિલોમીટર**નો વધારો થયો છે.

**ભારતમાં મેન્ગ્રુવના વિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો**

| ક્રમ | રાજ્ય | વૃદ્ધિ (ચોરસ કિલોમીટરમાં) |
|---|---|---|
| 1 | ઓડિશા | 8 |
| 2 | મહારાષ્ટ્ર | 4 |
| 3 | કર્ણાટક | 3 |

## કાર્બન સ્ટોક

દેશના જંગલોમાં કુલ કાર્બન સ્ટોક **7,204 મિલિયન ટન** હોવાનો અંદાજ છે.

- વર્ષ **2019**ના છેલ્લા અંદાજની સરખામણીમાં દેશના કાર્બન સ્ટોકમાં **79.4** મિલિયન ટનનો વધારો થયો છે.
- કાર્બન સ્ટોકમાં વાર્ષિક વધારો **39.7 મિલિયન ટન** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દાવાનળ/જંગલોમાં આગ લાગવાની સંભાવના

ભારતમાં **35.46%** વન આવરણ જંગલમાં આગ લાગવાની સંભાવના ધરાવે છે.

## આબોહવા પરિવર્તનના હોટસ્પોટ્સ

આ રિપોર્ટ અનુસાર આશરે **45-64%** ભારતીય જંગલો **2030** સુધીમાં આબોહવા પરિવર્તન અને વધતા તાપમાનની નકારાત્મક અસરનો અનુભવ કરશે.

- તમામ ભારતીય જંગલોમાં (આસામ, મેઘાલય, ત્રિપુરા અને નાગાલેન્ડ સિવાય) અત્યંત સંવેદનશીલ આબોહવા ગરમ સ્થળો હશે.
- આબોહવા પરિવર્તન અને વધતા તાપમાનના કારણે કેન્દ્રશાસિત પ્રદેશ લદાખ (વન કવર **0.1-0.2%**) સૌથી વધુ પ્રભાવિત થવાની સંભાવના છે.

## વાંસના જંગલો

જંગલોમાં હાજર વાંસની સંખ્યા વર્ષ **2019**માં **13,882** મિલિયનથી વધીને વર્ષ **2021**માં **53,336** થઈ ગઈ છે.

## જંગલમાં ઘટાડો

અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડ એમ પાંચ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વન કવરમાં સૌથી વધુ ઘટાડો થયો છે.

## ISFR 2021ની વિશેષતાઓ

આ રિપોર્ટમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા (FSI)એ ભારતના ટાઈગર રિઝર્વ, ટાઈગર કોરિડોર અને સિંહ સંરક્ષણ ક્ષેત્રોમાં (ગીરનું જંગલ) વન કવરની આકરણી સાથે એક નવું પ્રકરણ સામેલ કર્યુ છે.


- 2011-2021 વચ્ચે વાઘ કોરિડોરમાં જંગલ વિસ્તાર 37.15 ચોરસ કિ.મી. વધ્યો છે, પરંતુ ટાઈગર રિઝર્વમાં 22.6 ચોરસ કિ.મી. (0.04%)નો ઘટાડો થયો છે.
- આ 10 વર્ષોમાં 20 ટાઈગર રિઝર્વમાં વધારો થયો છે, તેમજ 32 ટાઈગર રિઝર્વ (વાઘ અભયારણ્ય)માં ઘટાડો થયો છે.
- બકસા (પશ્ચિમ બંગાળ), અનામલાઈ (તમિલનાડુ) અને ઈન્દ્રાવતિ રિઝર્વ (છત્તીસગઢ)ના જંગલમાં વધારો જોવા મળ્યો છે. જ્યારે સૌથી વધુ નુકસાન કવલ (તેલંગાણા), ભદ્રા (કર્ણાટક) અને સુંદરવન રિઝર્વ (પ. બંગાળ)ના જંગલોમાં જોવા મળ્યું છે.
- અરૂણાચલ પ્રદેશના પક્કે ટાઈગર રિઝર્વમાં સૌથી વધુ 97% જંગલ આવરણ છે.

નોંધ : (1) ભારતમાં આ રિપોર્ટ દર બે વર્ષે પ્રસિદ્ધ થાય છે.

(2) તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ આ રિપોર્ટ 17મો 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ' (ISFR) છે.

(3) ફોરેસ્ટ એરિયા : તે જમીનનો કાનૂની દરજ્જો છે.

(4) ફોરેસ્ટ કવર : જમીનમાં વૃક્ષોની હાજરી



INSTITUTE FOR COMPETITIVE EXAMS


## કેવડિયા રેલવે સ્ટેશનનું નવું નામ એકતા નગર રાખવામાં આવ્યું

તાજેતરમાં કેવડિયા કોલોનીના રેલવે સ્ટેશનનું નામ બદલીને 'એકતા નગર' રેલવે સ્ટેશન કરવામાં આવ્યું છે.

- નોંધનીય છે કે કેવડિયાને એકતા નગર તરીકે વિકસાવવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે.
- વર્ષોથી નર્મદા જિલ્લાનું કેવડિયા ગામ નર્મદા બંધના નામે ઓળખાતું હતું.
- નર્મદા જિલ્લાના નકશામાં કેવડિયા નગરનું અંકિત નામ હવે બદલીને એકતા નગર રાખવાનું સરકારે નક્કી કર્યું છે.
- જેની તૈયારીના ભાગરૂપે રેલવે સ્ટેશનનું નવું નામકરણ કરવામાં આવ્યું છે.

નોંધ : (1) 15 ડિસેમ્બર, 2018ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેવડિયા રેલવે સ્ટેશનનું ખાતમુહૂર્ત કર્યું હતું.

(2) તે ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેટ ધરાવતું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન પણ છે.

સામાન્ય વિજ્ઞાન
◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]
પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs
▪ PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
▪ આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
▪ જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
▪ આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE
આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર ભારતનો કુલ વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના કેટલા ટકા છે ?

(A) 22.56 (B) 23.56 (C) 24.62 (D) 25.26 (C)

2. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2021માં ભારતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં કેટલા ચોરસ કિલોમીટરનો વધારો થયો છે ?

(A) 2,261 (B) 3,261 (C) 4,261 (D) 5,261 (A)

3. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર ભારતમાં સઘન વન ક્ષેત્રોમાં (વન વિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા રાજ્યો) સૌથી વધુ વધારો ભારતના કયા રાજ્યમાં છે ?

(A) કેરળ (B) તેલંગણા (C) આંધ્રપ્રદેશ (D) ઓડિશા (C)

4. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર ભારતના કયા રાજ્યમાં છે ?

(A) મધ્યપ્રદેશ (B) મિઝોરમ (C) અરૂણાચલ પ્રદેશ (D) છત્તીસગઢ (A)

5. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતું ભારતનું કયું રાજ્ય છે ?

(A) મણિપુર (B) મેઘાલય (C) મિઝોરમ (D) અરૂણાચલ પ્રદેશ (C)

6. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર ભારતમાં મેન્ગ્રુવના વિસ્તારમાં સૌથી વધુ વધારો કયા રાજ્યમાં થયો છે ?

(A) ગુજરાત (B) ઓડિશા (C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક (B)

7. તાજેતરમાં કેવડિયા રેલવે સ્ટેશનનું નામ બદલીને કયું નામ રાખવામાં આવ્યું છે ?

(A) નર્મદા નગર (B) નવાગામ રેલવે સ્ટેશન

(C) કેવડિયા – એકતા (D) એકતા નગર (D)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રસિધ્ધ કથક નૃત્યકાર પંડિત બિરજુ મહારાજનું 83 વર્ષની વયે નિધન

પ્રસિધ્ધ કથક નૃત્યકાર પંડિત બિરજુ મહારાજનું તાજેતરમાં 83 વર્ષની વયે નિધન થયું છે.

### પંડિત બિરજુ મહારાજ

પંડિત બિરજુ મહારાજનો જન્મ 4 ફેબ્રુઆરી, 1938 ના રોજ ઉત્તરપ્રદેશના હાંડિયા (જીલ્લો–પ્રયાગરાજ) ખાતે થયો હતો.



- તેમનું સાચું નામ પંડિત બ્રીજમોહન મિશ્રા હતું.
- તેમને પ્રચલિત રીતે પંડિત બિરજુ મહારાજ તરીકે ઓળખવામાં આવે છે.
- પંડિત બિરજુ મહારાજ લખનૌના કાલકા–બિન્દાદિન ઘરાનાના હતા.
- બિરજુ મહારાજના પિતા અને ગુરુ અચ્છન મહારાજ, કાકા શંભુ મહારાજ અને લચ્છુ મહારાજ પણ પ્રસિધ્ધ કથ્થક નૃત્યકાર હતા.
- તેઓ કથક નૃત્યકાર ઉપરાંત શાસ્ત્રીય ગાયક પણ હતા.
- 13 વર્ષની ઉંમરે તેમણે દિલ્હીના સંગીત ભારતીમાં નૃત્યોના પ્રકારો શીખવવાની શરૂઆત કરી હતી.
- તેમણે ઘણી નૃત્યનાટિકાઓનું નિર્માણ કર્યુ હતું. તેમાંની કુમારસંભવ, ગોવર્ધનલીલા, શામે–અવધ, માલતી માધવ ખૂબ લોકપ્રિય થઈ છે.
- ઠૂમરી અને દાદરાના ગાયક તરીકે પણ તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી છે.
- તેમણે ઘણી ભારતીય ફિલ્મો માટે કોરિયોગ્રાફી અને સંગીત પણ આપ્યું હતું.
- પંડિત બિરજુ મહારાજે દેઢ ઈશ્કિયા, દેવદાસ, ઉમરાવ જાન, બાજીરાવ મસ્તાની જેવી ફિલ્મો માટે કોરિયોગ્રાફ કર્યુ હતું.
- તેમને વર્ષ 1986 માં પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- પંડિત બિરજુ મહારાજને મળેલા મહત્વના પુરસ્કાર આ મુજબ છે :

(1) 1964 : સંગીત નાટક અકાદમી પુરસ્કાર

(2) 1986 : પદ્મ વિભૂષણ

(3) 1987 : કાલિદાસ સન્માન

(4) 2012 : વિશ્વરૂપમ માટે શ્રેષ્ઠ કોરિયોગ્રાફી માટે રાષ્ટ્રીય પુરસ્કાર

(5) 2016 : મોહે રંગ દો લાલ (બાજીરાવ મસ્તાની) માટે શ્રેષ્ઠ કોરિયોગ્રાફી માટે ફિલ્મફેર એવોર્ડ

(6) ઈન્દિરા કલા સંગીત યુનિવર્સિટી તરફથી માનદ ડોક્ટરની પદવી

(7) બનારસ હિન્દુ યુનિવર્સિટી તરફથી માનદ ડોક્ટરની પદવી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## કથક

કથક નૃત્ય ઉત્તરપ્રદેશ રાજ્ય સાથે સંબંધિત છે.

- કથકનો ઉદ્ભવ કથા શબ્દ પરથી થયો છે.
- કથકનો સંબંધ વ્રજભૂમિની રાસલીલા સાથે છે.
- કથક નૃત્ય શૈલીમાં પૌરાણિક કથાઓ અને ઉર્દૂ કવિતા નાટકીય રીતે પ્રસ્તુત કરવામાં આવે છે.
- કથક નૃત્યને નટવરી નૃત્યના નામથી પણ ઓળખવામાં આવે છે.
- અવધના રાજા વાજીદ અલી શાહના સમયમાં ઠાકુર પ્રસાદ કથકના ખૂબ જ નિષ્ણાત કલાકાર હતા. તેમના ત્રણ પુત્રો બિંદ્રાદ્દીન, કાલકાપ્રસાદ અને ભૈરવપ્રસાદે પણ કથક નૃત્યને ઘણી ખ્યાતિ અપાવી હતી.
- કથક નૃત્યમાં પગની ચેષ્ટા અને તાલ પર ઘણું મહત્ત્વ આપવામાં આવે છે.
- કથક નૃત્ય ધ્રુપદ અને ઠુમરી શૈલીના માધ્યમથી વ્યક્ત કરવામાં આવે છે.

## કથક નૃત્યની વિશેષતાઓ

- આનંદ અને પરિચાયત્મક પ્રસ્તુતિ : જેના માધ્યમ વડે નૃત્યકાર મંચ પર પ્રવેશે છે.
- ઠાઠ : જેમાં હળવા પણ જુદા–જુદા પ્રકારની હરકતો હોય છે.
- જુગલ બંધી : જેમાં તબલાવાદક અને નૃત્યકાર વચ્ચે રમત રમાય છે.
- પઢત : જેમાં નૃત્યકાર કઠિન સ્વરૂપનું ઉચ્ચારણ કરે છે.
- અંતે કમાલય દ્વારા નૃત્યનું સમાપન કરવામાં આવે છે.
- બિરજુ મહારાજ, લચ્છૂ મહારાજ, સિતારા દેવી, દમયંતિ જોશી કથક નૃત્યશૈલીના જાણીતા કલાકાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત- રશિયા : PASSEX અભ્યાસ

તાજેતરમાં ભારતીય નૌકાદળ અને રશિયન નૌકાદળે અરબી સમુદ્રમાં કોચીન બંદર પર **PASSEX** અભ્યાસ હાથ ધર્યો હતો.

- પૂર્વ–આયોજિત દરિયાઈ કવાયતથી વિપરીત જ્યારે પણ તક મળે ત્યારે સામાન્ય રીતે **PASSEX** કવાયત હાથ ધરવામાં આવે છે.
- આ અગાઉ ભારતીય નૌકાદળના જહાજોએ યુ.એસ નેવી સાથે પણ **PASSEX** અભ્યાસ કર્યો હતો.
- ભારતીય નૌકાદળના **INS કોચી**એ આ અભ્યાસ અથવા કવાયતમાં ભાગ લીધો હતો.
- જ્યારે રશિયન ફેડરેશન નેવીનું પ્રતિનિધિત્વ **RFS એડમિરલ ટ્રિબ્યુટ્સ** દ્વારા કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) INS કોચી એ કોલકાતા–સ્ટીલ્થ ગાઈડેડ– મિસાઈલ વિનાશકનું સ્વદેશી રીતે રચાયેલ બીજું જહાજ છે, જે પ્રોજેક્ટ 15 A ના કોડ નામ હેઠળ ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવ્યું હતું.

(2) તે મુંબઈમાં મંઝગાઉ ડોક લિમિટેડ (MDL) દ્વારા બનાવવામાં આવ્યું હતું. અને બાદમાં વ્યાપક દરિયાઈ પરીક્ષણોમાંથી પસાર પછી વર્ષ 2015 માં ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

## ઈન્ડિયા ઓપન- 2022 (બેડમિન્ટન)

બેડમિન્ટનની પ્રસિધ્ધ ટુર્નામેન્ટ 'ઈન્ડિયા ઓપન– 2022' 11 થી 16 જાન્યુઆરી, 2022 દરમિયાન નવી દિલ્હીના કેડી જાધવ ઈન્ડોર હોલ ખાતે યોજાઈ હતી.

- આ ટુર્નામેન્ટ સ્પોન્સરશિપ કારણોસર સત્તાવર રીતે 'યોનેક્સ– સનરાઈઝ ઈન્ડિયા ઓપન– 2022' તરીકે પણ ઓળખાય છે.
- જેમાં ભારતના યુવા બેડમિન્ટન ખેલાડી શ્રી લક્ષ્ય સેને ઈન્ડિયા ઓપન 2022નો મેન્સ સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.
- શ્રી લક્ષ્ય સેને ફાઈનલ મેચ 24-22, 21-17 થી જીતી હતી.
- નોંધનીય છે કે ઈન્ડિયા ઓપન ખિતાબ જીતનાર શ્રી લક્ષ્ય સેન ત્રીજા ભારતીય ખેલાડી છે.
- આ અગાઉ શ્રી પ્રકાશ પાદુકોણ અને શ્રી કિદામ્બી શ્રીકાંતે પણ આ ખિતાબ જીત્યો છે.
- જ્યારે મહિલા વિમેન્સ સિંગલ્સ ટાઈટલ થાઈલેન્ડના સુશ્રી બુસાનને જીત્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ઈન્ડિયા ઓપન 2022 વિજેતાઓ**

| ક્રમ | ટાઈટલ | વિજેતા |
|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી લક્ષ્ય સેન (ભારત) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી બુસાનન ઓંગબમરુંગફાન (થાઈલેન્ડ) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી ચિરાગ શેટ્ટી (ભારત)<br>શ્રી સાંઈરાજ રંકીરેડ્ડી (ભારત) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી બેન્યાપા એમ્સાર્ડ (થાઈલેન્ડ)<br>સુશ્રી નુન્તાકર્ણ એમ્સાર્ડ (થાઈલેન્ડ) |
| 5 | મિક્સ ડબલ્સ | જેસિકા ટેન વેઈ હાન (સિંગાપોર)<br>ટેરી હી (સિંગાપોર) |

નોંધ : (1) ઈન્ડિયા ઓપન એ વાર્ષિક બેડમિન્ટન સ્પર્ધા છે.

(2) ભારતમાં તેનું આયોજન વર્ષ 2008થી કરવામાં આવી રહ્યું છે.

(3) તે બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) વર્લ્ડ ટૂર સુપર 500 ગ્રેડ આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ટુર્નામેન્ટ છે.

1. તાજેતરમાં પંડિત બિરજુ મહારાજનું 83 વર્ષની વયે નિધન થયું છે. તેઓ કયા નૃત્યના પ્રસિદ્ધ નૃત્યકાર હતા ?

(A) કથક (B) કથકલી

(C) ભારત નાટ્યમ (D) મોહિની અટ્ટમ (A)

2. પંડિત બિરજુ મહારાજ સંદર્ભે કયું વિધાન સાચું છે ?

(A) તેમનું સાચું નામ પંડિત બ્રીજમોહન મિશ્રા છે.

(B) તેઓ લખનૌના કાલકા–બિન્દાદિન ઘરાનાના હતા.

(C) વર્ષ 1986માં પદ્મવિભૂષણ પુરસ્કારથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

(D) ઉપરોક્ત તમામ (D)

3. કથક કયા રાજ્યનું લોકપ્રિય નૃત્ય છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) તમિલનાડુ

(C) આંધ્રપ્રદેશ (D) ઓડિશા (A)

4. તાજેતરમાં ભારીતય નૌકાદળ અને રશિયન નૌકાદળે અરબી સમુદ્રમાં કોચીન બંદર પર.......... અભ્યાસ હાથ ધર્યો હતો.

(A) NASSEX (B) PASSEX

(C) MASSEX (D) IRSSEX (B)

5. 'ઈન્ડિયા ઓપન 2022' અથવા 'યોનેક્સ–સનરાઈઝ ઈન્ડિયા ઓપન 2022'માં મેન્સ સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યું છે ?

(A) શ્રી યે. ઓ. જેએમ (B) શ્રી લક્ષ્ય સેન

(C) શ્રી ચિરાગ શેટ્ટી (D) શ્રી સાંઈરાજ રંકીરેડ્ડી (B)

6. 'ઈન્ડિયા ઓપન 2022' અથવા 'યોનેક્સ–સનરાઈઝ ઈન્ડિયા ઓપન 2022'માં વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યું છે ?

(A) સુશ્રી પી. વી. સિંધુ (B) સુશ્રી એસ. પી. કુદૂરવલી

(C) સુશ્રી ડે હેની (D) સુશ્રી બુસાસન (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં વેચાતી તમામ કાર માટે એરબેગ ફરજિયાત

કેન્દ્ર સરકારે 1 ઓક્ટોબર, 2022થી ભારતમાં વેચાતી તમામ કાર માટે 6 એરબેગ ફરજિયાત બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે.

- ભારતમાં વેચાતી તમામ કાર માટે એરબેગ ફરજિયાત કરવામાં આવશે.
- તાજેતરમાં સરકારે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે અને સૂચિત નિયમ પર જાહેર ટિપ્પણીઓ અને હિતધારકોની ટિપ્પણીઓ આમંત્રિત કરી છે.
- નોંધનીય છે કે, 1 જુલાઈ, 2019થી ડ્રાઈવરની સીટ માટે એરબેગ ફરજિયાત બનાવવામાં આવી હતી.
- ત્યારબાદ સહ–મુસાફર માટે એક એર બેગનો નિયમ 1 જાન્યુઆરી, 2022થી અમલમાં આવ્યો હતો.
- આ ઉપરાંત M1 વાહન કેટેગરીમાં 4 વધારાની એરબેગ ફરજિયાત બનાવાશે.
- M1 વાહન કેટેગરી એ ડ્રાઈવરની સીટ ઉપરાંત વધુમાં વધુ 8 સીટ ધરાવતી પેસેન્જર કારનો સંદર્ભ આપે છે.

નોંધ : (1) એરબેગનો ઉપયોગ કરતું વાહન એ 'ઓક્યુપન્ટ–રેસ્ટ્રેન્ટ સિસ્ટમ' (Occupant-restraint System) છે.

(2) તે અથડામણ દરમિયાન ઝડપથી ફૂલવા અને ડિફ્લેટ કરવા રચાયેલ છે.

(3) તેમાં એરબેગ કુશન, ઈન્ફ્લેકશન મોડ્યુલ, લવચીક ફેબ્રિક બેગ અને ઈમ્પેક્ટ સેન્સરનો સમાવેશ થાય છે.

## ઈ-ગવર્નન્સ માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત

ઈ–ગવર્નન્સ 2020-21 માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર (સિલ્વર) તાજેતરમાં નાગાલેન્ડના સોમ જિલ્લા વહીવટી તંત્રને આપવામાં આવ્યો હતો.

- હૈદરાબાદમાં ઈ–ગવર્નન્સ પર 24મી નેશનલ કોન્ફરન્સમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- સોમ જિલ્લાના ડેપ્યુટી કમિશનર શ્રી થવસેલન કે. ને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- COVID-19ના વ્યવસ્થાપનમાં ICTના ઉપયોગની શ્રેણી 6 હેઠળ સોમ જિલ્લાને ઈ–ગવર્નન્સ માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- તેનો હેતુ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલી પહેલને સન્માનવાનો હતો.
- કોવિડ-19ના ચેપના ફેલાવાને રોકવા માટે 'કોવિડ-19 એપ્રોપ્રિયેટ બિહેવિયર' (CAB)ને અમલમાં મૂકીને જનતાને પડતી મુશ્કેલીઓ ઘટાડવા જિલ્લામાં 'ટેકનોલોજી ઈન એઈડ એડમિનિસ્ટ્રેશન' નામનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.
- આ પ્રોજેક્ટ મુશ્કેલીઓ ઘટાડવા, લોકોને કોવિડથી સુરક્ષિત રાખવા અને વહીવટની અસરકારકતા વધારવામાં મદદ કરી રહ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ 2021

તાજેતરમાં ભારત સરકારે 'નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ્સ 2021'ના વિજેતાઓની જાહેરાત કરી હતી.

- 46 સ્ટાર્ટ–અપ્સને તેમના સંબંધિત ક્ષેત્રમાં તેમના યોગદાન માટે સન્માનિત કર્યા હતા.
- સરકારે આ સમારોહ દરમિયાન એક ઈન્ક્યૂબેટર અને એક એકસેલેરેટરને પણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.
- નેશનલ સ્ટાર્ટ અપ એવોર્ડની આ બીજી આવૃત્તિ છે.
- કૃષિથી લઈને પશુપાલન અને એન્ટરપ્રાઈઝ ટેકનોલોજીથી લઈને ફિનટેક સુધીના 15 ક્ષેત્રો અને 49 પેટા ક્ષેત્રોમાંથી અરજીઓ મંગાવવામાં આવી હતી.

### નેશનલ સ્ટાર્ટઅપ એવોર્ડ 2021

નેશનલ સ્ટાર્ટ–અપ એવોર્ડ્સ એવા સ્ટાર્ટ–અપ્સને સન્માનિત કરે છે જેમણે નવીનતાને પ્રોત્સાહિત કરીને અને સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપીને આર્થિક ગતિશીલતામાં યોગદાન આપ્યું છે.

- તે નીચેના સ્ટાર્ટ–અપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે :

(1) જે નવીન ઉત્પાદનો અથવા ઉકેલો બનાવે છે.

(2) તેઓ સંપત્તિ સર્જન અથવા રોજગાર સર્જન માટે ઉચ્ચ સંભવિતતા ધરાવતા સ્કેલેબલ સાહસો છે.

(3) તે માપી શકાય તેવી સામાજિક અસર દર્શાવે છે.

### અરજીઓની સંખ્યા

મંત્રાલયને 49 સબ–સેક્ટર સ્ટાર્ટ–અપ્સ તરફથી 2,177 અરજીઓ મળી હતી.

- ઈકોસિસ્ટમ એન્બલર્સ કેટેગરી માટે 53 ઈન્ક્યુબેટર્સ અને 6 એક્સિલરેટર્સ પાસેથી પણ અરજીઓ પ્રાપ્ત થઈ હતી.
- તેમાંથી 863 મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટ–અપ્સ હતા અને 253 સ્ટાર્ટ–અપ્સ હતા, જે ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત હતા.

### વિજેતાઓ નક્કી કરવા માટે છ પરિમાણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?

વિજેતાઓ નક્કી કરવા માટે છ પરિમાણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે આ મુજબ છે :

(1) નવીનતા

(2) માપનીયતા

(3) આર્થિક અસર

(4) સામાજિક અસર

(5) પર્યાવરણીય અસર

(6) સમાવેશ અને વિવિધતા

## વિજેતા

(1) **ફિનટેક કેટેગરી**ના ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન પેટા સેક્ટરમાં બેંગલુરૂ સ્થિત પ્રોફિટ ઈનોવેશન પ્રાઈવેટ લિમિટેડને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

- આ સ્ટાર્ટ–અપ જેને **ToneTag** તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની સ્થાપના વર્ષ **2013**માં કરવામાં આવી હતી.
- તે ઈન્ટરનેટ એક્સેસ વિના વોઈસ અને નિઅર–ફિલ્ડ કમ્યુનિકેશન (NFC)નો ઉપયોગ કરીને મોબાઈલ પેમેન્ટ ઓફર કરે છે.

(2) **ફિનટેક કેટેગરી**ના ઈન્સ્યોરન્સ પેટા સેક્ટરમાં એક અન્ય વિજેતા ઉમ્બો પ્રાઈવેટ લિમિટેડએ એવોર્ડ જીત્યો છે.

- આ સ્ટાર્ટ–અપની સ્થાપના વર્ષ **2018**માં કરવામાં આવી હતી.
- તેણે એક ફૂલ–સ્ટેક પ્લેટફોર્મ બનાવ્યું છે જે તેના ગ્રાહકો માટે સર્વશ્રેષ્ઠ વીમા વિતરણને સક્ષમ કરે છે.

(3) **રોબોટિક્સ સબ-સેક્ટર**માં સાગર ડિફેન્સને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

- તેની સ્થાપના વર્ષ **2015**માં શ્રી મૃદુલ બબ્બર અને શ્રી નિકુંજ પરાશર દ્વારા કરવામાં આવી હતી.
- આ સ્ટાર્ટઅપ સ્વાયત્ત નેવિગેશન સિસ્ટમ, એરિયલ વાહનો અને માનવરહિત દરિયાઈ વાહનો બનાવે છે.

(4) **મહિલાઓની આગેવાની હેઠળની સ્ટાર્ટ-અપ શ્રેણી**માં જયપુર મુખ્યમથકવાળા ફ્રન્ટિયર માર્કેટ્સને આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

- તે ગ્રામીણ ભારત પર કેન્દ્રિત સામાજિક વાણિજ્ય પ્લેટફોર્મ છે.

## રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ દિવસ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે **16 જાન્યુઆરી**ને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ' અથવા 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' તરીકે ઉજવવામાં આવશે.

- **16 જાન્યુઆરી, 2016**ના દિવસે સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ શરૂ કરવામાં આવી હતી.
- આથી, 16 જાન્યુઆરીને 'નેશનલ સ્ટાર્ટઅપ દિવસ' તરીકે પસંદ કરવામાં આવી છે.

1. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં વેચાતી તમામ કાર માટે 1 ઓક્ટોબર, 2022થી .............. એરબેગ ફરિજયાત બનાવવાની પ્રક્રિયા શરૂ કરી.

(A) 2 (B) 3 (C) 6 (D) 7 (C)

2. ઈ–ગવર્નન્સ 2020-21 માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર તાજેતરમાં સોમ જિલ્લા વહીવટી તંત્રને આપવામાં આવ્યો છે. આ જિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) નાગાલેન્ડ (B) મણિપુર (C) તમિલનાડુ (D) ઓડિશા (A)

3. ઈ–ગવર્નન્સ 2020-21 માટેના રાષ્ટ્રીય પુરસ્કાર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) હૈદરાબાદમાં ઈ–ગવર્નન્સ પર 24મી નેશનલ કોન્ફરન્સમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

(B) COVID-19ના વ્યવસ્થાપનમાં ICTના ઉપયોગની શ્રેણી 6 હેઠળ નાગાલેન્ડના સોમ જિલ્લાને ઈ–ગવર્નન્સ માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં નેશનલ સ્ટાર્ટ–અપ એવોર્ડની કેટલામી આવૃત્તિ રજૂ કરવામાં આવી હતી ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી (B)

5. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા દિવસને 'નેશનલ સ્ટાર્ટ–અપ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી (B)

## ઈન્ડોનેશિયા દ્વારા તેની રાજધાનીનું સ્થળાંતર

ઈન્ડોનેશિયાની સંસદે તાજેતરમાં તેની રાજધાની જકાર્તાથી 2000 કિ.મી. દૂર જંગલયુક્ત 'બોર્નિયો દ્વીપ'માં સ્થળાંતરિત કરવાની મંજૂરી આપી છે.

- જેનું નામ 'નુસંતારા' રાખવામાં આવશે. નુસંતારા એટલે દ્વીપ સમૂહ. તે દાર્શનિક, સામાજિક અને ઐતિહાસિક પાસાઓનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ પગલું સૌપ્રથમ એપ્રિલ 2019માં રાષ્ટ્રપતિ જોકો વિડોડો દ્વારા લેવામાં આવ્યું હતું.
- જકાર્તા જાવાના ઉત્તર–પશ્ચિમ કિનારે આવેલું છે.
- ઈન્ડોનેશિયામાં સૌથી મોટા ટાપુઓ સુમાત્રા, જાવા, કાલિમંતન (ઈન્ડોનેશિયન બોર્નિયો), સુલાવેસી અને ન્યુ ગિનીનો ઈન્ડોનેશિયન ભાગ છે. જેને પાપુઆ અથવા ઈરિયન જયા તરીકે ઓળખવામાં આવે છે.

### રાજધાની સ્થળાંતર માટેનું કારણ

જકાર્તા લાંબા સમયથી ગંભીર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમસ્યાઓ અને આબોહવા પરિવર્તનને કારણે પૂરથી પીડાઈ રહ્યું છે.

- નિષ્ણાંતોએ આગાહી કરી છે કે વર્ષ **2050** સુધીમાં શહેરનો **1/3 ભાગ** પાણી હેઠળ હોઈ શકે છે.
- જકાર્તાના વિશાળ મોટા વિસ્તારમાં **30 મિલિયન**થી વધુ લોકો રહે છે.
- વર્ષ **1949**માં ઈન્ડોનેશિયા આઝાદ થયું ત્યારથી જકાર્તા ઈન્ડોનેશિયાની રાજધાની રહી છે.
- છેલ્લા કેટલાક દાયકાઓમાં શહેર વધુ પડતું ગીચ અને અત્યંત પ્રદૂષિત બન્યું છે.
- જાવા ટાપુમાંથી બોર્નિયો ટાપુ પર રાજધાની ખસેડવાનું બીજું મહત્ત્વનું કારણ વધતી જતી નાણાકીય અસમાનતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દાવોસ સમિટ : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF)ના દાવોસ એજન્ડાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યુ હતું.

- દાવોસ (સ્વિત્ઝર્લેન્ડ)માં WEFની વાર્ષિક બેઠક વૈશ્વિક, પ્રાદેશિક અને ઉદ્યોગના એજન્ડાને આકાર આપવા માટે વિશ્વના ટોચના નેતાઓને જોડે છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના સંબોધનમાં COVID-19ની આગેવાની હેઠળની કટોકટીનો સામનો કરવા અને રસીકરણ અભિયાનના સંચાલનમાં ભારત દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા પર ભાર મૂકયો હતો.
- આ ઉપરાંત યુનાઈટેડ નેશન્સ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની પુનર્ગઠનની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો.
- કોવિડ-19 મહામારી પરના ડેટા, આંકડાઓ અને તથ્યો સાથે તેમણે ભારતને ભવિષ્યની ટેકનોલોજી તેમજ વિશ્વની આર્થિક શક્તિ તરીકે રજૂ કર્યુ હતું.
- તેમણે ભારતને વિશ્વ સમુદાયના આવશ્યક સભ્ય તરીકે પણ દર્શાવ્યું હતું.

## WEF

**WEFનું પૂરું નામ 'World Economic Forum's' છે.**

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એ એક સ્વિસ બિન–લાભાકારી સંસ્થા છે.
- જેની સ્થાપના વર્ષ 1971માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં થઈ હતી.
- તેના સ્થાપક અને કાર્યકારી અધ્યક્ષ શ્રી ક્લાઉસ શ્વાબ છે.
- તે સ્વિસ સરકાર દ્વારા જાહેર–ખાનગી સરકાર માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે ઓળખાય છે.
- WEF વૈશ્વિક પ્રાદેશિક અને ઉદ્યોગ પ્રોજેક્ટને આકાર આપવા માટે વ્યવસાય, રાજકીય, શૈક્ષણિક અને સમાજના અન્ય પ્રતિનિધિઓને સામેલ કરીને વિશ્વની સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે.

## 2021 છઠ્ઠુ સૌથી ગરમ વર્ષ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

તાજેતરમાં બે યુએસ એજન્સીઓના ડેટા અનુસાર 2021નું વર્ષ રેકોર્ડ સ્તરે પૃથ્વી પરનું સૌથી છઠ્ઠુ ગરમ વર્ષ હતું.

- આ ડેટા યુએસ સ્પેસ એજન્સી નાસા અને નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2021માં પૃથ્વી ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત એટલે કે 19મી સદીના અંતની તુલનામાં 1.2 ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ હતી.
- આ વર્ષે જમીનની સપાટીનું તાપમાન રેકોર્ડમાં ત્રીજા ક્રમે હતું, જ્યારે 2016 અને 2020 અનુક્રમે પ્રથમ અને ત્રીજા સ્થાને છે.
- વર્ષ 2021માં દક્ષિણ ગોળાર્ધની સપાટીનું તાપમાન રેકોર્ડમાં નવમું સૌથી વધુ હતું.
- એટલાન્ટિક અને પેસેફિક મહાસાગરોના ભાગોમાં રેકોર્ડ–ઊંચું દરિયાઈ સપાટીનું તાપમાન નોંધાયું હતું.
- વર્ષ 2021માં સમુદ્રની ઉપરની ગરમીનો રેકોર્ડ સૌથી વધુ હતો અને તેણે અગાઉના વર્ષ 2020ના રેકોર્ડને વટાવી દીધો હતો.
- છેલ્લા સાત વર્ષોમાં સાત સૌથી વધુ સમુદ્રી ગરમી નોંધવામાં આવી છે, એટલે કે 7 વર્ષોમાં દર વર્ષે એક નવો રેકોર્ડ બન્યો છે.

1. તાજેતરમાં ઈન્ડોનેશિયાએ જકાર્તાથી તેની રાજધાની બોર્નિયો દ્વીપમાં સ્થળાંતરિત કરવાની મંજૂરી આપી છે. આ નવી રાજધાનીનું નામ શું રાખવામાં આવશે ?

(A) નુસંતારા (B) સુરાબાયા

(C) ટેન્ગેંરગ (D) બાતમ (A)

2. ઈન્ડોનેશિયાની વર્તમાન રાજધાનીનું નામ જણાવો ?

(A) જકાર્તા (B) બાતમ

(C) બોગોરો (D) જયાપુરા (A)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ...........ના દાવોસ એજન્ડાને વીડિયો કોન્ફરસિંગ દ્વારા સંબોધિત કર્યુ હતું.

(A) BIMSTEC (B) SAARC

(C) G20 (D) WEF (D)

4. WEF વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તેનું પૂરું નામ 'World Economic Forum's' છે.

(B) તે એક સ્વિસ બિન લાભાકારી સંસ્થા છે.

(C) તેની સ્થાપના વર્ષ 1971માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં થઈ હતી.

(D) ઉપરોક્ત તમામ (D)

5. તાજેતરમાં બે યુએસ એજન્સીઓના ડેટા અનુસાર 2021નું વર્ષ રેકોર્ડ સ્તરે પૃથ્વી પરનું સૌથી.........ગરમ વર્ષ હતું.

(A) ત્રીજું (B) પાંચમું

(C) નવમું (D) છટ્ઠુ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Best FIFA Football Awards

FIFA દ્વારા તાજેતરમાં સર્વશ્રેષ્ઠ ફૂટબોલ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા હતા.




- ફૂટબોલમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ ઉત્કૃષ્ટ ખેલાડીઓને આ એવોર્ડ આપવા માટે સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચમાં વર્ચ્યુઅલ રીતે 'Best FIFA Football Award's' સમારોહ યોજાયો હતો.
- જેમાં 'શ્રેષ્ઠ ફિફા મેન્સ પ્લેયર' (Best FIFA Men's Player) એવોર્ડ શ્રી બોર્ટ લેવાન્ડોવસ્કીનને એનાયત કરવામાં આવ્યો છે.
- 'શ્રેષ્ઠ ફિફા વિમેન્સ પ્લેયર' (Best FIFA Women's Player) એવોર્ડ સુશ્રી એલેક્સિયા પુટેલાસને એનાયત થયો છે.

### Best FIFA Football Award-2021

| ક્રમ | કેટેગરી | વિજેતા |
|---|---|---|
| 1 | શ્રેષ્ઠ ફિફા પ્લેયર મેન્સ | રોબર્ટ લેવાન્ડોવસ્કી (પોલેન્ડ) |
| 2 | શ્રેષ્ઠ ફિફા પ્લેયર વિમેન્સ | એલિક્સિયા પુટેલાસ (સ્પેન) |
| 3 | શ્રેષ્ઠ ફિફા ગોલકીપર મેન્સ | એડવર્ડ મેન્ડી (ચેલ્સી, સેનેગલ) |
| 4 | શ્રેષ્ઠ ફિફા ગોલકીપર વિમેન્સ | ક્રિશ્ચિયન એન્ડલર (પેરિસ સેન્ટ–જર્મન અને લિયોન, ચિલી) |
| 5 | શ્રેષ્ઠ ફિફા કોચ મેન્સ | થોમસ તુશેલ (ચેલ્સી, ઈંગ્લેન્ડ) |
| 6 | શ્રેષ્ઠ ફિફા કોચ વિમેન્સ | એમ્મા હેયસ (ચેલ્સી, ઈંગ્લેન્ડ) |
| 7 | શ્રેષ્ઠ ફિફા વિશેષ પુરસ્કાર–મેન્સ | ક્રિસિટયાનો રોનાલ્ડો |
| 8 | શ્રેષ્ઠ ફિફા વિશેષ પુરસ્કાર–વિમેન્સ | ક્રિસ્ટીન સિક્લેર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### FIFA

FIFAનું પૂરું નામ 'Federation Internationale de Football Association' છે.

- FIFA એ ફૂટબોલ, ફૂટસલ (Futsal), અને બીચ સોકર (Beach Soccer)નું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- વૈશ્વિક સ્તરે ફૂટબોલ, ફૂટસલ અને બીચ સોકરનું સંચાલન FIFA દ્વારા થાય છે.
- FIFAનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડ ઝુરિચ ખાતે આવેલું છે.

## COVID-19 રસી પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં COVID-19 રસી પર એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

- રાષ્ટ્રીય COVID રસીકરણ કાર્યક્રમ અથવા COVID રસીકરણ અભિયાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આ ટપાલ ટિકિટ જારી કરવામાં આવી હતી.
- આ ટિકિટમાં આરોગ્ય સંભાળ કાર્યકર વરિષ્ઠ નાગરિકને રસી આપતા દર્શાવ્યા છે.
- આ ટિકિટમાં COVAXINની શીશીનો ફોટો પણ બતાવવામાં આવ્યો છે.
- આ ટિકિટ ખાસ કરીને COVID-19 દરમિયાન કોમ્યુનિટી વર્કસ અને ફ્રન્ટલાઈન હેલ્થ કેર વર્કસ દ્વારા કરવામાં આવેલા કામને દર્શાવવા માટે જારી કરવામાં આવી છે.
- નોંધનીય છે કે કોવિડ-19 રસીકરણ અભિયાન જાન્યુઆરી 2021માં શરૂ કરવામાં આવ્યું હતું. આ વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન છે.

## પેંચ ટાઈગર રિઝર્વમાં 'કોલરવાલી' વાઘણનું મૃત્યુ

મધ્યપ્રદેશના પેંચ ટાઈગર રિઝર્વમાં તાજેતરમાં 'કોલરવાલી' વાઘણ (Collorwali Tigress)નું મૃત્યુ થયું હતું.

- મધ્યપ્રદેશ રાજ્યના વન વિભાગ દ્વારા કોલરવાલી વાઘણના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.
- આ વાઘણનું મૃત્યુ 16 વર્ષની ઉંમરે થયું છે.



### કોલરવાલી વાઘણ

કોલરવાલી વાઘણ (Collorwali Tigress)નો જન્મ વર્ષ 2005માં થયો હતો.

- પેંચ ટાઈગર રિઝર્વમાં વાઘની વસ્તી વધારવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- તેમણે તેમના જીવનકાળ દરમિયાન 29 બચ્ચાને જન્મ આપ્યો હતો. આ એક વર્લ્ડ રેકોર્ડ છે.
- આ વાઘણ 'સુપરમોમ' તરીકે પણ જાણીતી હતી.

### નામકરણ

આ વાઘણે કોલર પહેર્યો હતો.

- જંગલમાં વાઘની હિલચાલ પર નજર રાખવા માટે તેમને કોલર પહેરાવવામાં આવે છે.
- પેંચ ટાઈગર રિઝર્વમાં કોલર મેળવનારી તે પ્રથમ વાઘણ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** તાજેતરમાં **FIFA** દ્વારા **'Best FIFA Football Awards'**ની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત 'શ્રેષ્ઠ ફિફા મેન્સ પ્લેયર' એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (B) રોબર્ટ લેવાન્ડોવસ્કી

(C) લિયોનેસ મેસ્સી (D) ક્રિસ્ટન તુશેલ **(B)**

---

**2.** તાજેતરમાં **FIFA** દ્વારા **'Best FIFA Football Awards'**ની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત 'શ્રેષ્ઠ ફિફા વિમેન્સ પ્લેયર' એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી એલિક્સિયા પુટેલાસ (B) સુશ્રી પેર્નિલ હાર્ડર

(C) સુશ્રી સેમ કેર (D) સુશ્રી ઈરેન પેરેડેસ **(A)**

---

**3.** તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે **COVID-19** રસી પર એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. આ ટિકિટમાં કઈ કોવિડ-19 વેક્સિનની શીશીનો ફોટો બતાવવામાં આવ્યો છે ?

(A) COVAXIN (B) SPUTNI

(C) COVISHIELD (D) ZyCOV-D **(A)**

---

**4.** તાજેતરમાં............ટાઈગર રિઝર્વમાં 'કોલરવાલી' વાઘણનું મૃત્યુ થયું હતું.

(A) બક્સા (B) કાન્હા

(C) માનસ (D) પેંચ **(D)**

---

**5.** પેંચ ટાઈગર રિઝર્વ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ

(C) મહારાષ્ટ્ર (D) છત્તીસગઢ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી પ્રાજક્તા કોલી ભારતના પ્રથમ 'UNDP યુથ ક્લાઈમેન્ટ ચેમ્પિયન' બન્યા

કનટેન્ટ સર્જક અને અભિનેત્રી સુશ્રી પ્રાજક્તા કોલી (Prajakta Koli) ભારતના પ્રથમ 'UNDP યુથ ક્લાઈમેન્ટ ચેમ્પિયન' બન્યા છે.

- UNDP સાથેની ભાગીદારીના ભાગરૂપે તેણે આ ખિતાબ જીત્યો છે.
- તેમને વિવિધ વૈશ્વિક સામાજિક અભિયાનો દ્વારા માનસિક સ્વાસ્થ્ય, બાલિકા શિક્ષણ અને મહિલાઓના અધિકારો પ્રત્યેના યોગદાન બદલ આ પદવી એનાયત કરવામાં આવી છે.
- તેમને હવે ગ્લોબલ વોર્મિંગ, આબોહવા કટોકટી, જૈવવિવિધતાના નુકસાન અને તેની અસરો જેવા મુદ્દાઓ પર જાગૃતિ લાવવા માટે યુવાનો સાથે વાર્તાલાપ કરવાનું કામ સોંપવામાં આવશે.
- સુશ્રી પ્રાજક્તા કોલી એક ભારતીય યુટ્યૂબર અને અભિનેત્રી છે, જે તેની યુટ્યૂબ ચેનલ 'મોસ્ટલીસેન' દ્વારા જાણીતી છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 71% રેટિંગ સાથે વિશ્વના સૌથી લોકપ્રીય નેતાઓની યાદીમાં ટોચ પર



તાજેતરમાં અમેરિકા સ્થિત Morning Consult Political Intelligenceએ સમગ્ર વિશ્વમાં એક સર્વે કર્યો હતો.

- આ સર્વેમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 71%ના એપ્રુવલ રેટિંગ સાથે વિશ્વના નેતાઓમાં પ્રથમ ક્રમાંકે છે.
- અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેન 43% એપ્રુવલ રેટિંગ સાથે 13 વિશ્વ નેતાઓની યાદીમાં છઠ્ઠા નંબર પર છે.
- નવેમ્બર, 2021માં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વના સૌથી લોકપ્રીય નેતાઓની યાદીમાં ટોચ પર હતા.
- મોર્નિંગ કન્સલ્ટે તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે તાજેતરની એપ્રુવલ રેટિંગ 13-19 જાન્યુઆરી, 2022 સુધીમાં એકત્રિત કરવામાં આવેલા ડેટા ઉપર આધારિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સર્વેમાં ટોચના એપ્રુવલ રેટિંગ ધરાવતા નેતાઓ

| રેન્ક | નેતાનું નામ | દેશ | એપ્રુવલ રેટિંગ (ટકાવારીમાં) |
|---|---|---|---|
| 1 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ભારત | 71% |
| 2 | શ્રી લોપેઝ ઓબ્રાડોર | મેક્સિકો | 66% |
| 3 | શ્રી મારિયો દ્રાગી | ઈટાલી | 60% |
| 4 | શ્રી ફ્યુમિયો કિશિદા | જાપાન | 48% |
| 5 | શ્રી ઓલાફ સ્કોલ્ઝ | જર્મની | 44% |
| 6 | શ્રી જો બાઈડેન | અમેરિકા | 43% |
| 7 | શ્રી જસ્ટિન ટ્રુડો | કેનેડા | 43% |
| 8 | શ્રી સ્કોટ મોરિસન | ઓસ્ટ્રેલિયા | 41% |
| 9 | શ્રી પેડ્રો સાંચેઝ | સ્પેન | 40% |
| 10 | શ્રી મૂન જે ઈન | દક્ષિણ કોરિયા | 38% |
| 11 | શ્રી જેયર બોલ્સોનારો | બ્રાઝિલ | 37% |
| 12 | શ્રી ઈમેન્યુઅલ મેક્રોન | ફ્રાન્સ | 34% |
| 13 | શ્રી બોરિસ જોન્સન | યુ.કે | 26% |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત-ચીન વેપાર : 2021

વર્ષ 2021માં ભારત અને ચીન વચ્ચેનો વેપાર લગભગ 125 બિલિયન US ડોલર રહ્યો હતો.

- જેમાંથી ચીનમાંથી આયાત રેકોર્ડ 100 બિલિયન US ડોલર હતી.
- મોટા ભાગની આયાત માંગ મશીનરીની હતી.
- વર્ષ 2021માં ભારતને ચીન સાથે 69.4 અબજ ડોલરની વેપાર ખાદ્યનો સામનો કરવો પડયો હતો.
- જે વર્ષ 2019માં વેપાર ખાદ્યનો સામનો કરતા 22% વધારે છે.

### ભારતથી ચીનમાં નિકાસ

તાજેતરના વર્ષોમાં ભારતથી ચીનમાં મોટાભાગની નિકાસ લોખંડ અયસ્ક, કપાસ અને અન્ય કાચા માલ પર આધારિત હતી.

- કારણ કે પાછલા વર્ષની તુલનામાં ચીનમાં આ વસ્તુઓની માંગમાં વધારો થયો છે.

## ચીનથી ભારતમાં આયાત

ભારતે છેલ્લા બે વર્ષોમાં <u>વિદ્યુત</u> અને <u>યાંત્રિક મશીનરી</u>, <u>સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (APIs)</u>, <u>ઓટો કમ્પોનન્ટ્સ</u> અને <u>ઓક્સિજન કોન્સેન્ટ્રેટરથી વ્યક્તિગત રક્ષાણાત્મક સાધનો (PPEs)</u> સુધીના તબીબી પુરવઠાની વિશાળ શ્રેણીની આયાત કરી છે.

નોંધ : (1) ભારત સાથેના દ્વિપક્ષીય વેપારમાં વાર્ષિક ધોરણે ચીનના <u>મુખ્ય વેપારી ભાગીદારો</u>માં સૌથી વધુ હતી.

(2) ચીનના ટોચના ત્રણ વેપારી ભાગીદારો સાથેના વેપારના આંકડામાં AEAN સાથે <u>28.1%</u>, યુરોપિયન યુનિયન સાથે <u>27.5%</u> અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે <u>28.7%</u>નો વધારો થયો હતો.



1. તાજેતરમાં કોણ ભારતના પ્રથમ 'UNDP યુથ ક્લાઈમેન્ટ ચેમ્પિયન બન્યા છે ?

(A) સુશ્રી નિશા મધુલિકા
(B) સુશ્રી વિદ્યા ઐયર
(C) સુશ્રી પ્રાજક્તા કોલી
(D) સુશ્રી ડબિના સિંઘ

(C)

2. તાજેતરમાં અમેરિકા સ્થિત Morning Consult Political Intelligence એ સમગ્ર વિશ્વમાં એક સર્વે હાથ ધર્યો હતો. આ સર્વેમાં સૌથી વધુ એપ્રુવલ રેટિંગ સાથે પ્રથમ ક્રમાંકે કયા નેતા છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(B) શ્રી જો બાઈડેન
(C) શ્રી જસ્ટિન ટ્રુડો
(D) શ્રી મોરિસ જોન્સન

(A)

3. Morning Consult Political Intelligenceના સર્વે અનુસાર ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કેટલા એપ્રુવલ રેટિંગ સાથે પ્રથમ ક્રમાંકે રહ્યા છે ?

(A) 66%
(B) 68%
(C) 69%
(D) 71%

(D)

4. વર્ષ 2021માં ભારત અને ચીન વચ્ચેનો વેપાર લગભગ........રહ્યો હતો.

(A) 125 US બિલિયન ડોલર
(B) 180 US બિલિયન ડોલર
(C) 80 US બિલિયન ડોલર
(D) 90 US બિલિયન ડોલર

(A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમર જવાન જ્યોતને 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક'માં મર્જ કરવામાં આવ્યું

ઈન્ડિયા ગેટમાં સ્થિત અમર જવાન જ્યોતને 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' (National war memorial)માં અમર જ્યોત અથવા અખંડ જ્યોત સાથે મર્જ કરવામાં આવી છે.

### અમર જવાન જ્યોત

ભારતમાં 1971ના ભારત–પાકિસ્તાનના યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોની યાદમાં ઈન્ડિયા ગેટની સામે 'અમર જવાન જ્યોત'નું નિર્માણ કરવામાં આવ્યું હતું.

- 26 જાન્યુઆરી, 1972ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા તેનું ઉદ્દઘાટન થયું હતું.
- આ સ્મારકમાં કાળા આરસના ઓટલા પર નાળચા પર ઊભેલી એક L1A1 Self-Loading Rifle રાખવામાં આવી છે, જેના પર સિપાહીનું હેલ્મેટ છે.
- અને તેના ચાર ખૂણે ચાર જ્યોત અવિરત પ્રજ્વલિત રહે છે.
- જે હવે 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક'માં મર્જ કરવામાં આવી છે.
- 1971માં ભારત–પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન પ્રજ્વલિત કરાયેલી આ 'અમર જવાન જ્યોત' તેની સ્થાપના બાદ ભારતના અજ્ઞાત સૈનિકોની સમાધિ તરીકે કાર્ય કર્યું છે.

### રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક વિશે

ફેબ્રુઆરી, 2019માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી ભારતના પ્રથમ 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' (National war memorial)નું લોકાર્પણ કરાવ્યું હતું.

- આઝાદી બાદ ભારત માટે શહીદી વહોરનાર વીર સૈનિકોના સન્માનમાં આ સ્મારક બનાવવામાં આવ્યું છે.
- ભારતના 1947-48, 1961 (ગોવા), 1962 (ચીન), 1965, 1971 (પાકિસ્તાન), 1987 (સિયાચીન), 1987-88 (શ્રીલંકા), 1999 (કારગીલ) અને 'ઓપરેશન રક્ષક' જેવા સૈન્ય અભિયાનોમાં શહીદ થયેલા ભારતીય જવાનોના નામ આ સ્મારકની દિવાલો પર લખાયેલા છે.
- રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં મુખ્યત્વે ચાર વર્તુળો છે જે આ મુજબ છે :

(1) અમર ચક્ર અથવા અમરત્વનું ચક્ર

(2) વીરતા ચક્ર અથવા શોર્યનું ચક્ર

(3) ત્યાગ ચક્ર અથવા બલિદાનનું ચક્ર

(4) રક્ષક ચક્ર અથવા રક્ષણનું વર્તુળ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મેમોરિયલમાં એક કેન્દ્રિય ચતુષ્કોણ સ્તંભ પણ આવેલો છે. આ સ્તંભની મધ્યમાં 'અમર જ્યોત' પ્રજવલિત રહે છે.
- આ મેમોરિયલની 16 દિવાલો ઉપર 25,942 શહીદોના નામ લખવામાં આવ્યા છે, તેમાં તેમના રેન્ક અને રેજિમેન્ટનો પણ ઉલ્લેખ કરાયો છે.
- આ મેમોરિયલમાં આવેલા 'પરમ યોદ્ધા સ્થળે' ભારતને સર્વોચ્ચ સૈન્ય સન્માન 'પરમવીર ચક્ર' વિજેતા 21 સૈનિકોની અર્ધપ્રતિમાં મુકવામાં આવી છે.
- નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટની બાજુમાં 40 એકર વિસ્તારમાં આ મેમોરિયલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

નોંધ : (1) ભારતમાં નેશનલ વોર મેમોરિયલના નિર્માણ માટે સૌપ્રથમ વખત સશસ્ત્ર દળોએ 1960માં આ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

(2) 7 ઓક્ટોબર, 2015ના રોજ કેન્દ્રીય કેબિનેટે રૂ. 500 કરોડના ખર્ચે નેશનલ વોર મેમોરિયલ અને મ્યુઝિયમના નિર્માણની મંજૂરી આપી હતી.

## India Gate

ભારતમાં નવી દિલ્હીમાં રાજપથ ખાતે આવેલો **India Gate** એ એક યુદ્ધ સ્મારક જ છે.

- પ્રારંભમાં આ યુદ્ધ સ્મારક 'અખિલ ભારતીય યુદ્ધ સ્મારક' તરીકે ઓળખાતું હતું.
- ઈ.સ. 1914થી 1921 દરમિયાન પ્રથમ વિશ્વ યુદ્ધ તેમજ ત્રીજા એંગ્લો–અફઘાન યુદ્ધમાં શહીદ થયેલા આશરે 70,000 જેટલા બ્રિટિશ ભારતીય સેનાના સૈનિકોની યાદમાં અંગ્રેજોએ આ સ્મારક બનાવ્યું હતું.
- આ સ્મારકની ડિઝાઈન સર એડવિન લ્યુટીન્સના નેતૃત્વમાં કરવામાં આવી હતી.
- 10 ફેબ્રુઆરી, 1921ના રોજ ઈન્ડિયા ગેટનો શિલાયન્સ થયો હતો.
- અને 12 ફેબ્રુઆરી, 1931ના રોજ લોર્ડ ઈરવિન દ્વારા તેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.
- આ ઈન્ડિયા ગેટની સામે શરૂઆતમાં કિંગ જ્યોર્જ–5 ની પ્રતિમા મુકવામાં આવી હતી.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મોરેશિયશમાં મુખ્ય મેટ્રો સ્ટેશનોમાંથી એકનું નામ 'મહાત્મા ગાંધીજી'ના નામ પરથી રાખવામાં આવશે

મોરેશિયશ સરકારે મેટ્રો એક્સપ્રેસ પ્રોજેક્ટ માટે ભારતના સમર્થન માટે કૃતજ્ઞતા પ્રતીક તરીકે તેના મુખ્ય મેટ્રો સ્ટેશનોમાંથી એકનું નામ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ પરથી રાખવાની જાહેરાત કરી છે.

- આ અવસરે બંને દેશોના વડાપ્રધાને મોરેશિયશમાં સિવિલ સર્વિસ કોલેજ અને 8 મેગાવોટ સોલાર પીવી ફાર્મ પ્રોજેક્ટનો શિલાયન્સ કર્યો હતો.
- આ પ્રોજેક્ટ્સ વર્ચ્યુઅલ રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મોરેશિયશના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા.
- સાથોસાથ બંને દેશોની સરકારોએ નાના વિકાસ પ્રોજેક્ટના અમલીકરણ માટે ભારતીય ગ્રાન્ટ–ઈન–એઈડ અંગેના સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા છે.
- મેટ્રો એક્સપ્રેસ પ્રોજેક્ટના અમલીકરણમાં ભારત મોરેશિયશને મદદ કરશે આ માટે ભારતે 190 મિલિયન ડોલરની લાઈન ઓફ ક્રેડિટ આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

PSI-ASI-કોન્સ્ટેબલ
મેરીટમાં સ્થાન મેળવવા માટેનું
એકમાત્ર વનલાઇનર પુસ્તક
9,000 થી વધુ પ્રશ્ન–જવાબ
■ અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન–જવાબ
■ 6 મહિનાનું કરંટ અફેર્સ
■ આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો


www.iceonline.in

1. તાજેતરમાં ઈન્ડિયા ગેટમાં સ્થિત અમર જવાન જ્યોતને કોની સાથે મર્જ કરવામાં આવી છે ?

(A) રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં અમર જ્યોત સાથે (B) લાલ કિલ્લામાં

(C) રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમ કોમ્પ્લેક્સમાં (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

2. 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' અથવા 'નેશનલ વોર મેમોરિયલ' કયા સ્થળે આવેલ છે ?

(A) જયપુર (B) દિલ્હી

(C) જમ્મુ (D) કારગીલ (B)

3. રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં અમર જ્યોતની ફરતે આવેલા ચક્રોમાં નીચેનામાંથી કયા ચક્રનો સમાવેશ થાય છે ?

(A) અમર ચક્ર (B) રક્ષક ચક્ર

(C) ત્યાગ ચક્ર (D) ઉપરોક્ત તમામ (D)

4. ભારતમાં 'રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક' અથવા 'નેશનલ વોર મેમોરિયલ'ના નિર્માણ માટે સશસ્ત્ર દળો દ્વારા સૌપ્રથમ વખત ક્યારે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો ?

(A) 1950 (B) 1955

(C) 1960 (D) 1965 (C)

5. ભારતમાં અગાઉ 'અખિલ ભારતીય યુદ્ધ સ્મારક' તરીકે કયું સ્થળ પ્રસિદ્ધ હતું ?

(A) ગેટ વે ઓફ ઈન્ડિયા (B) ઈન્ડિયા ગેટ

(C) અમર જવાન જ્યોત (D) એક પણ નહીં (B)

6. તાજેતરમાં કયા દેશે જાહેરાત કરી હતી કે તેના મુખ્ય મેટ્રો સ્ટેશનોમાંથી એકનું નામ 'મહાત્મા ગાંધીજી'ના નામ પરથી રાખવામાં આવશે ?

(A) બાંગ્લાદેશ (B) નાઈઝીરિયા (C) મોરેશિયશ (D) ઓસ્ટ્રેલિયા (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ ખાતે નવનિર્મિત અતિથિગૃહનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથમાં ગુજરાત સરકાર દ્વારા રૂ. 30.55 કરોડના ખર્ચે નિર્મિત આધુનિક અતિથિગૃહ સર્કિટ હાઉસનું ઈ–લોકાર્પણ કર્યુ હતું. નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ થોડા સમય પહેલા સોમનાથ ખાતે સમુદ્રપથ, એક્ઝિબીશન ગેલેરી સહિત પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યુ હતું. સોમનાથ સર્કિટ હાઉસથી સમુદ્રની લહેર અને સોમનાથ મહાદેવના શિખરના દર્શનની સાથે યાત્રિકોને ભારતની ચેતનાની પણ અનુભૂતિ થશે.

➤ **કચ્છમાં સિંચાઈ માટે નર્મદાનું પાણી પહોંચાડવા રૂ. 4369 કરોડના કામોને વહીવટી મંજૂરી**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છમાં સિંચાઈ માટે નર્મદાનું પાણી પહોંચાડવા રૂ. 4369 કરોડના કામોની વહીવટી મંજૂરી આપી છે. નોંધનીય છે કે નર્મદાના પૂરના વહી જતા વધારાના પાણીનો એક મિલિયન એકર ફીટ પાણીનો જથ્થો કચ્છ પ્રદેશ માટે ફાળવવામાં આવ્યો છે. આ વધારાના પાણીના ઉપયોગ માટે કુલ 337.98 કિલોમીટરની લંબાઈની પાઈપલાઈન દ્વારા 4 લિંકનું આયોજન કરેલ છે. કચ્છના ખેડૂતોને જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી મળી રહે તે હેતુથી આવી પાઈપલાઈન મારફતે 38 જેટલી નાની તથા મધ્યમ સિંચાઈ યોજનાઓમાં આ પાણી નાખવાનું રાજ્યના જળસંપત્તિ વિભાગનું આયોજન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **પ્રસિદ્ધ સંગીતકાર શ્રી અબ્રાહ્મ અશ્કનું નિધન**

પ્રસિદ્ધ સંગીતકાર શ્રી અબ્રાહ્મ અશ્કનું તાજેતરમાં નિધન થયું છે. શ્રી અબ્રાહ્મ અશ્ક મૂળ મધ્યપ્રદેશના હતા અને તેઓ ગીતકાર તેમજ કવિ તરીકે ઓળખાતા હતા તેમણે તેમની કારકિર્દી પત્રકાર તરીકે શરૂ કરી હતી. અને અનેક અખબારો અને સામયિકો માટે કામ કર્યુ હતું. તેમણે બોલિવૂડમાં કહોના પ્યાર હે, કોઈ મિલ ગયા, જાનશી, ઐતબાર વગેરે જેવી ફિલ્મ માટે ગીતો લખ્યા હતા. તેમણે કહોના પ્યાર હેનું ટાઈટલ સોન્ગ 'તુમ જાનોના હમ' લખ્યું હતું.

➤ **તિરુવલ્લુવર દિવસ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 જાન્યુઆરી, 2022ના રોજ તમિલ કવિ અને ફિલસૂફ શ્રી તિરુવલ્લુવરને તેમની જન્મજયંતિ 'તિરુવલ્લુવર દિવસ' પર શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. આ દિવસ સૌપ્રથમ વર્ષ 1935માં 17-18 મેના રોજ ઉજવવામાં આવ્યો હતો. હાલમાં આ દિવસ સામાન્ય રીતે તમિલનાડુમાં 15 અથવા 16 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. શ્રી તિરુવલ્લુવર તમિલ કવિ–સંત હતા.

➤ **દિલ્હીમાં પ્રથમ DTC ઇલેક્ટ્રિક બસ લોન્ચ થઇ**

દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે તાજેતરમાં રાજ્યની પ્રથમ DTC ઈલેક્ટ્રિક બસ લોન્ચ કરી છે. આ વર્ષના એપ્રિલ મહિના સુધીમાં લગભગ 300થી વધુ બસો 'દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન' (DTC) ખરીદશે. જોકે દિલ્હી સરકાર રાજધાનીમાં કુલ 2000 ઈલેક્ટ્રિક બસો દાખલ કરવાનું લક્ષ્ય ધરાવે છે. જે પ્રદૂષણ સામે લડવા માટે એક મહત્વપૂર્ણ પગલું બની શકે છે.

➤ **છત્તીસગઢ સરકાર શરૂ કરશે 'રોજગાર મિશન'**

છત્તીસગઢ સરકારે આગામી પાંચ વર્ષમાં રાજ્યમાં લગભગ 15 લાખ રોજગારીની તકો ઉભી કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેશ બઘેલની અધ્યક્ષતામાં 'રોજગાર મિશન' સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ મિશનથી IIT, IIIT અને IIMના નિષ્ણાંતોને ફાયદો થશે. તેનું નેતૃત્વ રાજ્યના મુખ્યમંત્રી કરશે. આ મિશનથી આગામી પાંચ વર્ષમાં 12થી 15 લાખ રોજગારીની તકો ઉભી થવાની અપેક્ષા છે. સેન્ટર ફોર મોનેટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) દ્વારા 2022માં બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર છત્તીસગઢમાં બેરોજગારીનો દર 2.1% છે. સૌથી નીચો બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાં તે ચોથા ક્રમે છે.

➤ **Cycles4change અને Streets for People**

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) એ 'સાયકલ 4 ચેન્જ' અને 'સ્ટ્રીટસ ફોર પીપલ ચેલેન્જ સીઝન-2' નામના ઓનલાઈન પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું. ઈવેન્ટ દરમિયાન મંત્રાલયે 'Nurturing Neighburhoods Challange : Stories From the find' નામનું એક પુસ્તક પણ લોન્ચ કર્યુ હતું. આ કાર્યક્રમની અધ્યક્ષતા આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય સચિવ શ્રી મનોજ જોશીએ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **BSF એ 'ઓપરેશન સર્દ હવા' શરૂ કર્યુ**

BSF (બોર્ડર સિક્યુરિટી ફોર્સ) એ 'ઓપરેશન સર્દ હવા' (Opration Sard Hawa) શરૂ કર્યુ છે. આ ઓપરેશન અંતર્ગત BSFએ પાકિસ્તાન બોર્ડર પર સતર્કતા વધારી દીધી છે. તે સામાન્ય રીતે રાજસ્થાનની સરહદમાં ખાસ કરીને જેસલમેર ક્ષેત્રમાં લોન્ચ કરવામાં આવે છે. આ નિયમિત વાર્ષિક પ્રથા છે, તે જાન્યુઆરી મહિનામાં લોન્ચ કરવામાં આવે છે. ઓપરેશન સર્દ હવા શિયાળા દરમિયાન અને ઓપરેશન હોટ એર ઉનાળા દરમિયાન હાથ ધરવામાં આવે છે.

## વિશ્વ

➤ **ટોંગામાં જ્વાળામુખી વિસ્ફોટ**

તાજેતરમાં દક્ષિણ પેસિફિક ટાપુ ટોંગામાં જ્વાળામુખી ફાટી નિકળ્યો હતો. જેના કારણે પેસિફિક મહાસાગરમાં સુનામીના મોજા ઉછળ્યા હતા. ટોંગા ટાપુઓ 'રિંગ ઓફ ફાયર'માં આવેલા છે, જે પ્રશાંત મહાસાગરના બેસિનને ઘેરી લેતી ઉચ્ચ જ્વાળામુખી અને ધરતીકંપની પ્રવૃત્તિની પરિઘ છે. તે સમુદ્રની અંદરનો જ્વાળામુખી વિસ્ફોટ છે, જેમાં બે નાના નિર્જન ટાપુઓ, હંગા–હપાઈ અને હુંગ–ટોંગાનો સમાવેશ થાય છે. આ વિસ્ફોટ એ સૌથી મોટા વિસ્ફોટોમાંનો એક છે જે દર હજાર વર્ષે નોંધાય છે. તે અત્યંત વિસ્ફોટક હોવાના કારણોમાંનું એક 'ફ્યુઅલ–કૂલન્ટ ઈન્ટરેકશન' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **એસ્ટરોઈડ 1994 PC1**

તાજેતરમાં એસ્ટરોઈડ 1994 PC1 પૃથ્વીની નજીકથી 1.2 મિલિયન માઈલના અંતરે પસાર થયો હતો. તે ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર પાંચગણુ છે, આ એસ્ટરોઈડથી પૃથ્વીને કોઈ નુકસાન થયું નથી. આ એસ્ટરોઈડ 7482 તરીકે પણ ઓળખાય છે. તેની લંબાઈ 1 કિલોમીટરથી વધુ છે. આ લઘુગ્રહ અથવા એસ્ટરોઈડની ઝડપ 45,000 માઈલ પ્રતિ કલાક છે.

## ICE ? Questions

- તાજેતરમાં સોમનાથ ખાતે નવનિર્મિત અતિથિગૃહનું વર્ચ્યુઅલ લોકાર્પણ કોણે કર્યુ હતું ?

  – શ્રી નરેન્દ્રભાઈ મોદી

- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છમાં નર્મદાનું પાણી પહોંચાડવા .................... કરોડના કામોને વહીવટી મંજૂરી આપી છે. – **રૂ. 4369**

- પ્રસિદ્ધ સંગીતકાર શ્રી અબ્રાહ્મ અશ્કનું નિધન થયું છે તેઓ કયા રાજ્યના વતની હતા ? – મધ્યપ્રદેશ

- તિરુવલ્લુર દિવસ સામાન્ય રીતે કયા રાજ્યમાં **15** અથવા **16** જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે ?

  – તમિલનાડુ

- તાજેતરમાં દક્ષિણ પેસિફિકના કયા ટાપુમાં જ્વાળામુખી ફાટી નિકળ્યો હતો ? – ટોંગા

- દિલ્હીમાં મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે તાજેતરમાં રાજ્યની પ્રથમ **DTC**............બસ લોન્ચ કરી છે.

  – ઈલેક્ટ્રિક

- છત્તીસગઢ સરકારે આગામી પાંચ વર્ષમાં રાજ્યમાં લગભગ **15** લાખ રોજગારીની તકો ઉભી કરવા માટે..................મિશન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. – રોજગાર મિશન

- તાજેતરમાં કોણે 'સાયકલ **4** ચેન્જ' અને 'સ્ટ્રીટ્સ ફોર પીપલ' નામના પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું ?

  – આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય

- તાજેતરમાં કયો એસ્ટારોઈડ પૃથ્વીની નજીકથી **1.2** મિલિયન માઈલના અંતરેથી પસાર થયો હતો ?

  – **1994 PC1**

- કોણે તાજેતરમાં 'ઓપરેશન સર્દ હવા' શરૂ કર્યુ છે ? – **BSF**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. ભારતના કયા રાજ્યએ જસ્ટિસ હિમા કમિશનની રચના કરી હતી ? – કેરળ
(વર્ષ 2017માં કેરળ સરકારે આ કમિશનની રચના કરી હતી. આ કમિશનની રચના મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને થતી સમસ્યાઓની તપાસ કરવા માટે કરવામાં આવી છે. તાજેતરમાં કેરળ સરકારે જસ્ટિસ હિમા કમિશનના અહેવાલની ભલામણોના અમલીકરણ માટે અભ્યાસ અને યોજના માટે ત્રણ સભ્યોની પેનલની રચના કરી છે.)
2. માઘ મેળો 2022 જે તાજેતર ચર્ચામાં હતો. તે કયા રાજ્યમાં આયોજિત વાર્ષિક મેળો છે ? – ઉત્તર પ્રદેશ
3. હાઈડ્રોફિસ ગ્રેસિલિસ, એક દુર્લભ સમુદ્રી સાપ કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ? – કેરળ
4. કયા ટેકનોલોજી પ્લેટફોર્મે ‘જાગૃત મતદાર’ અભિયાન શરૂ કર્યુ છે ? – Twitter
5. 17 જાન્યુઆરી, 2022ના રોજ દુબઈમાં.............. નામના 555.55 કેરેટના કાળા હીરાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. – ધ એનિગ્મા
6. તાજેતરમાં................માં સુગંધિત છોડની ખેતી, પ્રક્રિયા અંગે જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. – કાશ્મીર
7. તાજેતરમાં....................... દ્વારા ‘ઓપન ડેટા વીક’ની શરૂઆત કરવામાં આવી હતી. – આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય
(આ સપ્તાહ 17 જાન્યુઆરી, 2022થી 21 જાન્યુઆરી, 2022ની વચ્ચે મનાવવામાં આવ્યું છે. તે દેશના શહેરી ઈકોસિસ્ટમમાં નવીનતાને પ્રોત્સાહન આપવા પ્રોત્સાહિત કરે છે.)
8. ‘માના ઉરુ માના બાડી’ (Mana Ooru mana Badi) કાર્યક્રમ કઈ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો છે ? – તેલંગાણા
(આ કાર્યક્રમ રાજ્યમાં શાળાની માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરશે. તે રૂ. 7,289 કરોડના ખર્ચે અમલમાં આવશે. આ કાર્યક્રમનો લાભ 19.84 લાખથી વધુ બાળકોને મળશે.)
9. વરિષ્ઠ અમલદાર શ્રી વિક્રમ દેવ દત્ત કઈ સંસ્થાના નવા અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર છે ? – એર ઈન્ડિયા
10. કયા કેન્દ્રીય મંત્રાલયે ‘ક્લાઈમેટ હેઝાર્ડસ એન્ડ વલ્નેરેબિલિટી એટલાસ ઓફ ઈન્ડિયા’ લોન્ચ કર્યુ છે ? – પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય
11. તાજેતરમાં ચર્ચામાં રહેલ LEAP સ્ટાર્ટઅપ પ્રોગ્રામ કોનો છે ? – Flipkart
(LEAP એ ફિલપકાર્ટનો નવો સ્ટાર્ટઅપ પ્રોગ્રામ છે. તેનો મુખ્ય ઉદેશ્ય ભારતમાં સ્ટાર્ટઅપ્સને મદદ કરવાનો છે.)
12. કયા ભારતીયને ICANN સમર્થિત ‘યુનિવર્સલ એક્સેપ્ટન્સ સ્ટીયરિંગ ગ્રુપના એમ્બેસેડર તરીકે જોડવામાં આવ્યા છે ? – શ્રી વિજય શેખર શર્મા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. શ્રી દિમિતાર કોવાસેવસ્કી કયા દેશના નવા વડાપ્રધાન છે ? – ઉત્તર મેસેડોનિયા

14. ખેડૂતોની ખાદ્ય સુરક્ષામાં સુધારો કરવા માટે કયા ભારતીય રાજ્યે વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) સાથે હાથ મિલાવ્યા છે ? – ઓડિશા

15. રોબર્ટા મેટસોલા કઈ બહુપક્ષીય સંસ્થાના સૌથી યુવા પ્રમુખ છે ? – યુરોપિયન સંસદ

16. 21 જાન્યુઆરી કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ? – ત્રિપુરા, મણિપુર અને મેઘાલય

17. તાજેતરમાં વૈજ્ઞાનિકોના એક જૂથે ગુરૂ જેવા એક નવા બાહ્ય ગ્રહની શોધ કરી છે. આ ગ્રહનું શું નામ રાખવામાં આવ્યું છે ? – TOI-2180b

18. તાજેતરમાં કયા મંત્રાલયે 'સ્ટાર રેટિંગ સિસ્ટમ' શરૂ કરી છે ? – પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલયે

19. 'I4F ઈન્ડસ્ટ્રીયલ આર & ડી એન્ડ ટેકનોલોજીકલ ઈનોવેશન ફંડ' એ ભારત અને કયા દેશ વચ્ચેનો સહયોગ છે ? – ઈઝરાયલ

(ભારત અને ઈઝરાયલે તાજેતરમાં તેમની 8મી ગવર્નિંગ બોડીની બેઠક દરમિયાન 'I4F'નો વ્યાપ વિસ્તાર્યો છે.)

20. કઈ સંસ્થાએ 'Climate of India during 2021' રિપોર્ટ બહાર પાડયો છે ? – ભારતીય હવામાન વિભાગ

21. કોલસા મંત્રાલયે તાજેતરમાં સામાન્ય લોકો સાથે કોલસા ક્ષેત્ર સંબંધિત કી પર્ફોમન્સ ઈન્ડિકેટર્સ (KPIs) શેર કરવા માટે...........પોર્ટલ શરૂ કર્યુ છે. – કોયલા દર્પણ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT